## મુલદ-માંડવા બ્રિજ પર ટોલ વસૂલાતથી વિવાદ

**ટોલ** કર્મચારીઓ દ્વારા ગેરકાયદે નાણાં વસૂલાત, ગેરવર્તણૂક થતાં પોલીસ ફરિયાદ

અંકલેશ્વર: અંકલેશ્વર નજીક આવેલા મુલદ-માંડવા નર્મદા બ્રિજ ટોલટેક્સ ફરી વિવાદમાં આવ્યો છે. ટોલ કર્મચારીઓ દ્વારા વાહનચાલકો પાસેથી ગેરકાયદે નાણાં વસૂલાત, ગેરવર્તણૂક અને ધાકધમકીના ગંભીર આક્ષેપો સાથે પોલીસમાં લેખિત ફરિયાદ નોંધાતાં મામલો ચર્ચાનો વિષય બન્યો છે.

ભરૂચના મુલદ-માંડવા નર્મદા બ્રિજ ટોલટેક્સ પર ગેરરીતિઓ ચાલતી હોવાના આક્ષેપ સાથે અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ નોંધાવવામાં આવી છે. સુરતના સરથાણા વિસ્તારમાં રહેતા સામાજિક કાર્યકર રાજેશ ભોળા રામાણી દ્વારા આપવામાં આવેલી અરજીમાં જણાવાયું છે કે ટોલ ટેક્સ પર કાર્યરત કેટલાક પરપ્રાંતીય તેમજ સ્થાનિક કર્મચારીઓ વાહનચાલકો સાથે અભદ્ર વર્તન કરી નિયમ કરતાં વધુ રકમ બળજબરીથી વસૂલતા હોવાના આરોપ છે.

ફરિયાદ અનુસાર ઓવરલોડના બહાના હેઠળ વાહનચાલકો પાસેથી વધારાની રકમ લેવામાં આવે છે તેમજ કેટલાક કર્મચારીઓ ચાલુ વાહનો પાસે જઈ જોખમી રીતે વસૂલાત કરતા હોવાને કારણે અકસ્માતની શક્યતાઓ વધે છે અને જાહેર સુરક્ષા જોખમાય છે.

અરજદારે વધુમાં આક્ષેપ કર્યો છે કે ટોલ પર કામ કરતા કેટલાક કર્મચારીઓનું પોલીસ વેરિફિકેશન કરવામાં આવ્યું નથી તેમજ ટોલના નિયમિત દરોનું પાલન થતું નથી. સ્થાનિક વાહનચાલકોને મળવાની રાહતનો અમલ પણ ન થતો હોવાનો ઉલ્લેખ અરજીમાં કરવામાં આવ્યો છે. વારંવાર આવી ઘટનાઓ બનતી હોવાને કારણે સમગ્ર મામલે આયોજનબદ્ધ ગેરરીતિની શંકા વ્યક્ત કરી ટોલના મુખ્ય કોન્ટ્રાક્ટર સામે પણ તપાસ કરવાની માંગ ઉઠાવવામાં આવી છે.

ફરિયાદમાં ટોલ કર્મચારીઓ અને કોન્ટ્રાક્ટર સામે તપાસ હાથ ધરવી, સીસીટીવી ફૂટેજની તપાસ કરવી, પોલીસ મોનિટરિંગ ગોઠવવું તેમજ નિયમ ભંગ સાબિત થાય તો નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા કોન્ટ્રાક્ટ રદ કરવાની ભલામણ કરવાની માંગ કરવામાં આવી છે.

હાલ અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ દ્વારા અરજી સ્વીકારી આગળની તપાસ હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળી રહ્યું છે. મુલદ-માંડવા ટોલ પર થયેલા આ ગંભીર આક્ષેપોને લઈ હવે પોલીસ તપાસમાં શું બહાર આવે છે તે જોવું રહ્યું.







## ઝઘડિયાની કંપનીમાં બ્લાસ્ટ સાથે આગ, 15થી વધુ કામદાર દાઝ્યા

**ઝઘડિયા,** અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો

**ઈજાગ્રસ્તોને** તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે સુરત અને વડોદરામાં રિફર કરાયા

ભરૂચ: ઝઘડિયા GIDCમાં ગુરુવારે એક ભીષણ ઔદ્યોગિક દુર્ઘટના સર્જાઈ હતી. મેટ્રોપોલિટન એક્ઝીચેમ કંપનીમાં પ્રચંડ બ્લાસ્ટ સાથે ભયંકર આગ ફાટી નીકળતાં અફરાતફરી મચી ગઈ છે. પ્રાથમિક અહેવાલો અનુસાર આ બનાવમાં 15થી વધુ શ્રમિકો ગંભીર રીતે દાઝ્યા છે.

બ્લાસ્ટ એટલો પ્રચંડ હતો કે તેનો અવાજ દૂર-દૂર સુધી સંભળાયો હતો. જોતજોતામાં આગે આખી કંપનીને લપેટમાં લઈ લીધી. આકાશમાં કાળા ધુમાડાના ગોટેગોટા કિલોમીટર દૂરથી પણ જોઈ શકાતા હતા. ઘટનાની જાણ થતાં જ ઝઘડિયા, અંકલેશ્વર અને ભરૂચથી ફાયર ટેન્ડરોનો કાફલો તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગયો છે. આગ પર કાબૂ મેળવવા માટે વોટર કેનનનો મારો ચલાવવામાં આવી રહ્યો છે. આગની લપેટમાં આવી જવાથી 15થી વધુ શ્રમિકો દાઝી ગયા છે, જેમાં ગંભીર રીતે દાઝેલા સુરત અને વડોદરામાં રિફર કરાયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક એમ્બ્યુલન્સ મારફતે નજીકની હોસ્પિટલોમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. કેટલાક ઘાયલોની હાલત નાજૂક હોવાનું જાણવા મળ્યું છે. કંપનીમાં અન્ય કોઈ શ્રમિકો ફસાયેલા છે કે કેમ તે અંગે તપાસ હાથ ધરવામાં આવી છે. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઘટનાનાં કારણો અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પડ્યું નથી.

**દાઝી ગયેલા કામદારોની યાદી**

સાગર પટેલ, અરુણ તિવારી, કલ્પેશ વસાવા, શકીલ આફ્ટાર, હાર્દિક પરમાર, બુધન કુમાર, અમન કુમાર, હરિ પ્રકાશ, રોનક પટેલ, પ્રવીણસિંહ, રમેશ વસાવા

### ડોસવાડાના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસની ફ્લેગ માર્ચ




સોનગઢ: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને અનુલક્ષીને ઉકાઈ વિસ્તારમાં કાયદો અનેઆ વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ કરવાના ભાગરૂપે પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. નિઝર ડિવિઝનના ડીવાયએસપી આઈ.એન.પરમાર અને ઉકાઈ પોલીસ સ્ટેશનના PI પી.એન.પારેખની આગેવાનીમાં સમગ્ર પોલીસ સ્ટાફ સાથે ઉકાઈ વિસ્તારમાં આ કવાયત હાથ ધરાઈ હતી. ખાસ કરીને અતિ સંવેદનશીલ ગણાતા ઉકાઈ અને ડોસવાડા વિસ્તારમાં પોલીસના કાફલાએ પગપાળા માર્ચ કરીને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. ચૂંટણી પૂર્વે મતદારોમાં વિશ્વાસનું વાતાવરણ ઊભું થાય એ હેતુથી આ કામગીરી કરવામાં આવી હતી.

## કામરેજમાં સગીરાને લગ્નની લાલચ આપનાર યુવક ઝડપાયો

**દોઢ** વર્ષ જૂની ઓળખના આધારે ભાવનગરનો યુવક ઘરે આવી પહોંચ્યો, પિતાની સમયસૂચકતાથી ભાંડો ફૂટ્યો

કામરેજ: મૂળ ભાવનગરના વતની અને હાલ કામરેજના નનસાડ ગામે આવેલી સોસાયટીમાં રહી ડ્રાઈવિંગ કરીને ગુજરાન ચલાવતા યુવકનાં લગ્ન વીસ વર્ષ અગાઉ છૂટાછેડા થઈને ગયેલી એવી ત્રણ સંતાનની માતા સાથે થયાં હતાં. બાદ લગ્નજીવન દરમિયાન તેમને પણ બે સંતાન થયાં હતાં, જેમાં એક 14 વર્ષની પુત્રી છે. પતિ-પત્ની ચાર વર્ષ અગાઉ કામરેજ ગામ પાસે આવેલી એક સોસાયટીમાં રહેતાં હતાં, ત્યારે બંને વચ્ચે ઝઘડો થતાં પત્ની બાળકો સાથે ભાવનગર રહેવા જતી રહી હતી. ત્યારબાદ પતિ પણ ભાવનગર ખાતે રહેવા જતો રહ્યો હતો. બાદ પતિ-પત્ની સાથે રહેવા લાગ્યાં હતાં. ફરી પતિ-પત્ની સાથે ઝઘડો થતાં વર્ષ-2025માં કામરેજ ખાતે પતિ એકલો રહેવા માટે આવી ગયો હતો. સાત માસ અગાઉ 14 વર્ષની પુત્રી અને પુત્ર કામરેજના નનસાડ ખાતે પિતા પાસે રહેવા માટે આવી ગયા હતા. બુધવારે સવારે 7.30 કલાકે બંને બાળકોને સરકારી શાળામાં પિતા મૂકી કામ પર જતો રહ્યા હતા. સ્કૂલેથી છૂટીને રિક્ષામાં બંને બાળકો ઘરે જતા રહ્યાં હતાં. બપોરે આશરે 3.30 કલાકે ઘરમાં અજાણ્યો છોકરો આવ્યો હતો. જે પાડોશમાં રહેતી મહિલાએ જોતાં 14 વર્ષની પુત્રીને પૂછતાં કોઈ જવાબ ન આપતાં આખરે મહિલાએ સગીરાના પિતાને ફોન પર જાણ કરતાં તુરંત જ કામ પરથી ઘરે આવીને જોતાં 14 વર્ષની પુત્રી અને પુત્ર તેમજ અજાણ્યો યુવાન હતો. જેને લઈ પિતાએ યુવકની પુછપરછ કરતાં અકરમ ઈમરાન ચૌહાણ (ઉં.વ.19) (રહે.,ભાવનગર) હોવાનું જણાવ્યું હતું. દોઢ વર્ષ અગાઉ માતા સાથે ભાવનગર રહેતી હતી ત્યારથી ઓળખે છે. છેલ્લાં એક વર્ષથી બંને ટેલિફોનિક વાતચીત કરે છે. ભાવનગરથી મળવા માટે આવ્યો હતો. 14 વર્ષની પુત્રીને લગ્ન કરવાની લાલચ આપતો હોવાથી કામરેજ પોલીસ મથકમાં યુવક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

## ડાબકા ગામ પાસે પિકઅપ પલટી મારી જતાં 4 ઘાયલ

**મહારાષ્ટ્રથી** ગુજરાતમાં લગ્નમાં આવતી ગાડી પલટી મારી જતાં એક ગંભીર

ભરૂચ, ડેડિયાપાડા: ડેડિયાપાડાના ડાબકા પાસે મહારાષ્ટ્રથી ગુજરાતમાં લગ્નપ્રસંગમાં આવતી એક પિકઅપ ગાડી પલટી ખાતાં મુસાફરોને ઈજાઓ પહોંચી હતી.

મહારાષ્ટ્રના નંદુરબારના અક્કલકૂવા તાલુકાના કુકડીપાદર ગામના લોકો બપોરે આશરે 1:00 વાગ્યાની આસપાસ પિકઅપ ગાડીમાં સવાર થઈ ડેડિયાપાડાના કોકટી (શિશા) ગામે લગ્ન પ્રસંગમાં હાજરી આપવા જઈ રહ્યા હતા.

દરમિયાન ડાબકાથી પીપલોદને જોડતા માર્ગ પર ડાબકા ગામના મુરબાઠી વિસ્તારમાં ચાલકે સ્ટીયરિંગ પરનો કાબૂ ગુમાવતાં પિકઅપ ગાડી ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી. ગાડી પલટી જતાં મુસાફરોમાં ભારે ચીસાચીસ મચી ગઈ હતી અને અકસ્માત બાદ સ્થાનિક લોકો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા. આ અકસ્માતમાં એકને ગંભીર ઈજા પહોંચી છે, જ્યારે અન્ય 4 લોકોને નાની-મોટી ઈજા થતાં તમામ ઈજાગ્રસ્તોને તાત્કાલિક ખાનગી વાહનો મારફતે મોઝદા સરકારી દવાખાને સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. આ માર્ગ નર્મદા જિલ્લાના જાણીતાં પ્રવાસન સ્થળો આવેલાં હોવાથી વાહનચાલકોની સુરક્ષા સામે અનેક સવાલો ઊભા કર્યા છે.



## બેડકૂવા નજીક તબેલામાં આગ, બે પશુનાં મોત

વ્યારા: વ્યારાના બેડકૂવા નજીક ગામે રહેતા અમીરભાઈ ભીખાભાઈ રાવલીયાના તબેલામાં દિવસના આકસ્મિક રીતે અચાનક આગ ફાટી નીકળી હતી. તબેલામાં અચાનક ભભૂકી ઊઠેલી આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. ઘટના દરમિયાન બે નિર્દોષ પશુઓ આગની લપેટમાં આવી જતાં મૂંગાં પશુ આગનો ભોગ બન્યાં હતાં. જ્યારે 22 જેટલા પશુ ગંભીર રીતે દાઝી ગયાં હતાં, જેમાં અન્ય ચાર પશુની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું. આ આગથી અંદાજે પશુપાલકને અંદાજિત રૂ.40 લાખથી વધુનું નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાની જાણ થતાં જ ફાયર બ્રિગેડ સ્થળ પર દોડી આવી આગ પર કાબૂ મેળવ્યો હતો.

## કરમાલી ગામે દીપડાનો ત્રણ વાછરડા ઉપર હુમલો

**ત્રણ** પૈકી દીપડો એક વાછરડાને ઉપાડી ગયો

ભરૂચ: ભરૂચના કરમાલી ગામે દીપડાએ ત્રણ વાછરડા પર હુમલો કરી એકનો શિકાર કર્યો હોવાની ઘટના સામે આવી છે. આ બનાવથી ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. ગત રોજ સાંજના સમયે બનેલી આ ઘટના અંગે મળતી માહિતી મુજબ ગામના ગોરધન વસાવાના ઘર નજીક દીપડાએ ત્રણ વાછરડાને નિશાન બનાવ્યાં હતાં. આક્રમક દીપડો એક વાછરડાને ઉપાડી ગયો હતો, જ્યારે અન્ય બે વાછરડાં ઘટના સ્થળે જ રહી ગયાં હતાં.

આ હુમલાને કારણે કરમાલી સહિત આસપાસના વિસ્તારોમાં રહેતા લોકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ગ્રામજનો બાળકો અને પશુઓને સાંજ પડતાં પહેલાં ઘરની અંદર બંધ કરી દે છે. ભરૂચ શહેરના પૂર્વ પટ્ટી વિસ્તારમાં અગાઉ પણ દીપડા દેખાવાના અને પશુઓના શિકારના બનાવો બની ચૂક્યા છે. સતત બનતી આ ઘટનાઓ ગ્રામ્ય વિસ્તારના લોકો માટે ચિંતાનું કારણ બની છે.

સ્થાનિકોએ વન વિભાગ પાસે તાત્કાલિક કાર્યવાહીની માંગ કરી છે. ગ્રામજનોએ દીપડાને પકડવા માટે વધુ પાંજરાં ગોઠવવા અને વિસ્તારમાં પેટ્રોલિંગ વધારવાની રજૂઆત કરી છે. આ ઉપરાંત, પીડિત ગોરધન વસાવાને સરકાર તરફથી યોગ્ય આર્થિક સહાય આપવાની પણ માંગ કરવામાં આવી છે.

ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વન વિભાગના અધિકારીઓને જાણ કરવામાં આવી છે. અધિકારીઓએ લોકોને સાવચેત રહેવા અને દીપડો દેખાય તો તાત્કાલિક વન વિભાગ કે પોલીસને જાણ કરવાની અપીલ કરી છે.

## પાલોદ તાલુકા પંચાયત સીટ પર સ્થાનિક હોવાથી કોંગ્રેસના ઉમેદવાર જ કામ લાગશે

**કોંગ્રેસના** કિરીટભાઈ કટારીયાની સામે પરપ્રાંતિય ઉમેદવાર ઉભેલા હોવાથી મતદારોનો ઝોક સ્થાનિક તરફ હોવાનો દાવો

હથોડા: પાલોદ તાલુકા પંચાયતની બેઠક પર ચૂંટણી જંગ રસાકસીભર્યો બની રહ્યો છે. પરપ્રાંતિય ઉમેદવાર સામે રોષ અને પાલોદ ગામના સ્થાનિક કોંગ્રેસના ઉમેદવાર કિરીટભાઈ ગણપતભાઈ કટારીયાને લોકોનો આવકાર મળી રહ્યો છે. કિરીટ કટારીયાને પ્રચાર દરમિયાન મતદારો એવું કહી રહ્યા છે કે, 'તમે બિન્દાસ્ત રહો, અમે તમારી સાથે જ છીએ તેવો દાવો કરવામાં આવ્યો છે.

પાલોદ તાલુકા પંચાયતની આ બેઠક પર પ્રચારનો માહોલ જામ્યો છે. એક તરફ સ્થાનિક ઉમેદવાર કિરીટભાઈ કટારીયા કોંગ્રેસમાંથી ઉભા રહ્યા છે. જ્યારે તેમની સામે પરપ્રાંતિય ઉમેદવાર ઉભા રહ્યા છે. લોકો એવું કહી રહ્યા છે કે, જ્યારે જરૂર પડશે ત્યારે સ્થાનિક ઉમેદવાર જ કામ લાગશે. કિરીટભાઈ કટારીયા એવું કહી રહ્યા છે કે, લોકો તેમની સાથે કોઈપણ લોભ કે લાલચ વિના જોડાઈ રહ્યા છે અને જીતાડવાની ખાતરી આપી રહ્યા છે. સમગ્ર મતવિસ્તારમાં હાલમાં તો કિરીટભાઈ કટારીયાનો ઘોડો વીનમાં જણાઈ રહ્યો છે. લોકોના સહકારને કારણે કિરીટભાઈ કટારીયા એવો દાવો કરી રહ્યા છે કે તેમની જીત નિશ્ચિત છે.

## માંગરોળમાં 245 કર્મચારીએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું

વાંકલ: માંગરોળ તાલુકામાં વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે કે.આઈ.મદ્રેસા ટ્રસ્ટ સંચાલિત કોમ્યુનિટી હોલ ખાતે સવારથી મતદાન પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. ફરજ બજાવતા કર્મચારીઓ મતદાનથી વંચિત ન રહે એ સુનિશ્ચિત કરવા ચૂંટણી પંચ દ્વારા પોસ્ટલ બેલેટ પેપરથી મતદાન વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મતદાન પ્રક્રિયામાં મામલતદાર કચેરી,




તાલુકા પંચાયત કચેરી, પોલીસ સ્ટાફ, હોમગાર્ડ જવાનો સહિતના કર્મચારીઓએ ભાગ લીધો હતો. સાંજ સુધીમાં 193 પુરુષ મતદાર અને 52 સ્ત્રી મતદારે પોતાના માતાધિકારનો ઉપયોગ કર્યો હતો.

## ભરૂચમાં બાદશાહી મસ્જિદ પાસે જુગારધામ પર દરોડો

ભરૂચ: ભરૂચ શહેર બી-ડિવિઝન પોલીસે બાતમીના આધારે બાદશાહી મસ્જિદ પાછળના મેદાનમાં ચાલતી આંક ફરકના સટ્ટાની ક્લબ પર દરોડા પાડી પ્રશંસનીય કામગીરી કરી છે. કુખ્યાત હિસ્ટ્રીશીટર સબ્બો મલિક અને તેનો પુત્ર સાબિર મલિક ટેકરા પર ગેરકાયદે સટ્ટો રમાડતા હોવાની માહિતી મળતા પોલીસે વ્યૂહાત્મક રીતે સ્થળને કોર્ડન કર્યું હતું. રેડ દરમિયાન પોલીસને રંગેહાથે આંકડા લખતા અખ્તર હુસેન મિસ્ત્રી, સંજય વસાવા અને ચમનદીન સિદ્દીકી નામના ત્રણ શખ્સ ઝડપાઈ ગયા હતા.

જો કે, મુખ્ય સંચાલક પિતા-પુત્ર (સબ્બો અને સાબિર મલિક) પોલીસને ચકમો આપી ફરાર થઈ ગયા હતા, જેમને વોન્ટેડ જાહેર કરાયા છે. પોલીસે સ્થળ પરથી બે મોબાઈલ, 13,000થી વધુની રોકડ અને 'TOB' તથા 'DSB' જેવા કોડવર્ડ લખેલી ચિઠ્ઠીઓ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### વાંચન ઘટી રહ્યું છે? ભરૂચની ચોકસી લાઇબ્રેરી આપે છે સાચો જવાબ



ભરૂચ: શું સાચેસાચ મોબાઈલ અને AIના યુગમાં વાંચન ઘટી રહ્યું છે? ભરૂચની કે.જે. ચોકસી પબ્લિક લાઇબ્રેરી આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે કે વાંચન ઘટ્યું નથી, પણ હવે વધી રહ્યું છે. વર્ષ-2008માં સ્થાપિત આ લાઇબ્રેરી આજે અગ્રીમ હરોળની સાર્વજનિક લાઇબ્રેરીઓમાં ગણાય છે. અહીં ગુજરાતી, હિન્દી, મરાઠી અને અંગ્રેજી ભાષાના 55,000થી વધુ પુસ્તકોનો સંગ્રહ છે. વાર્ષિક 5,000થી વધુ મુલાકાતીઓ અને 2,300થી વધુ સક્રિય સભ્યો સાથે આ લાઇબ્રેરી વાંચનના વધતા ટ્રેન્ડનું જીવંત ઉદાહરણ છે. ગુરુવારે કેલોરેક્ષ ફ્યુચર સ્કૂલના વિદ્યાર્થીઓએ લાઇબ્રેરીની મુલાકાત લીધી હતી. વિદ્યાર્થીઓએ જીવનમાં ઉતારવા લાયક પુસ્તકોની સમીક્ષા રજૂ કરી હતી. આ પ્રસંગે શિક્ષિકા સોની ગર્ગ મેડમે વિદ્યાર્થીઓને લાયબ્રેરીની સેવાઓ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. લાઇબ્રેરીના ગ્રંથપાલ નરેન્દ્ર સોનારે જણાવ્યું, કેટલાક લોકો કહે છે કે AIના કારણે વાંચન લુપ્ત થઈ રહ્યું છે. પરંતુ સત્ય એ છે કે AI માહિતી આપી શકે છે, પણ પુસ્તકો માણસને સંવેદના અને ડહાપણ આપે છે. અક્ષરોમાંથી બનેલા શબ્દો સ્વયં બ્રહ્મ છે. પુસ્તકોનું વર્ચસ્વ સદાકાળ રહેશે. લાઇબ્રેરીની સૌથી હૃદયસ્પર્શી બાબત એ છે કે CA અથવા પોલીસ અધિકારી બન્યા બાદ વિદ્યાર્થીઓ મીઠાઈ લઈને લાઇબ્રેરીનાં પગથિયાં ચઢે છે. ત્યારે પુસ્તકાલયનું મૌન પણ ગર્વથી ગૂંજી ઊઠે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, લાઇબ્રેરીના સ્થાપક ગૌતમભાઈ કાન્તિલાલ ચોકસીએ તેમના પિતાની યાદમાં આ લાઇબ્રેરી સમાજને સમર્પિત કરી છે.

### ભરૂચ જિલ્લામાં 90 પોલીસ કર્મીએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું




ભરૂચ: જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી-2026ની પ્રક્રિયા દરમિયાન ચૂંટણી ફરજ પર રહેલા અધિકારીઓ અને કર્મચારીઓને તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સરળતા થાય તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે. આ અંતર્ગત પોલીસ વડા મથક, ભરૂચ ખાતે પોસ્ટલ બેલેટ મતદાન સુવિધા કેન્દ્ર (ફેસિલિટેશન સેન્ટર) કાર્યરત કરવામાં આવ્યું છે. આ સુવિધા કેન્દ્રનો મુખ્ય હેતુ ચૂંટણી ફરજમાં જોડાયેલા તમામ પાત્ર મતદારો પારદર્શક અને સુવિધાજનક રીતે પોસ્ટલ બેલેટથી મતદાન કરી શકે તે સુનિશ્ચિત કરવાનો છે. જિલ્લા/તાલુકા પંચાયત મતદાર વિભાગ દ્વારા આ આયોજન હાથ ધરવામાં આવ્યું છે. ગતરોજ ભરૂચ જિલ્લાની 7 જિલ્લા પંચાયત અને 30 તાલુકા પંચાયતની બેઠકો માટે હોમગાર્ડ અને પોલીસ કર્મચારીઓ દ્વારા પોસ્ટલ બેલેટથી મતદાન કરવામાં આવ્યું. પ્રથમ દિવસે અંદાજિત 90 પોલીસ કર્મીએ પોસ્ટલ બેલેટથી પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો છે. સંબંધિત તમામ મતદારોને નિયત સમય દરમિયાન સુવિધા કેન્દ્ર ખાતે હાજર રહી મતદાન કરવા જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

### અંકલેશ્વરમાં AIA દ્વારા વૃક્ષારોપાણ અને પર્યાવરણ ગોષ્ઠિનો કાર્યક્રમ યોજાયો




અંકલેશ્વર: અંકલેશ્વર ખાતે વિશ્વ પૃથ્વી દિવસની ઉજવણી અંતર્ગત ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ GPCB અને અંકલેશ્વર ઉદ્યોગમંડળ AIAના સંયુક્ત ઉપક્રમે વૃક્ષારોપણ તેમજ પર્યાવરણ ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંકલેશ્વરની જયશ્રી એરોમેટિક્સ કંપનીના સંકુલમાં યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન સંસ્થાના હોદ્દેદારો અને ઉદ્યોગકારોની હાજરીમાં વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. જેનાથી પર્યાવરણ સંરક્ષણ માટે સકારાત્મક સંદેશ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે જીપીસીબીના આર.ઓ. એસ.એન. અગ્રાવત, એઆઇએના પ્રમુખ વિમલ જેઠવા, ઉપપ્રમુખ હસમુખ પટેલ, સેક્રેટરી નિલેશ પટેલ તેમજ એન્વાયરો કમિટીના ચેરમેન વાલમજી દેસાઈ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. વૃક્ષારોપણ કાર્યક્રમ બાદ પર્યાવરણ ગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ઉદ્યોગકારોને ઔદ્યોગિક વસાહતમાં વધુમાં વધુ ગ્રીન બેલ્ટ વિકસાવવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ગોષ્ઠીમાં પર્યાવરણનું સંરક્ષણ, પ્રદૂષણ ઘટાડવા માટેના ઉપાયો અને હરિયાળી વધારવાના પ્રયાસો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

### વાલોડની શાળાઓના શિક્ષકોની મતદાન જાગૃતિ




વાલોડ: વાલોડ તાલુકાની વિવિધ પ્રાથમિક શાળાઓના શિક્ષકો દ્વારા લોકશાહીના પર્વમાં સહભાગી થવા માટે નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. શિક્ષકોએ પોતાની શાળાના નામ સાથે મતદાન અને મતાધિકારના મહત્ત્વને સમજાવતા પ્રેરક સંદેશાઓ વોલ પેઇન્ટિંગ દ્વારા ગ્રામજનો સુધી પહોંચાડ્યા છે. આ નવતર જાગૃતિ અભિયાનમાં વાલોડ તાલુકાની હથુકા પ્રાથમિક શાળા, રાનવેરી મુખ્ય પ્રાથમિક શાળા, જામણિયા મુખ્ય પ્રાથમિક શાળા, સ્યાદલા મુખ્ય પ્રાથમિક શાળા અને કમાલછોડ મુખ્ય પ્રાથમિક શાળા સહિતની શાળાઓનો સમાવેશ થાય છે. શાળાની દીવાલો પર સુંદર ચિત્રો અને સૂત્રો દ્વારા મતદારોને લોકશાહીના આ પર્વમાં સક્રિયપણે જોડાઈને પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.

### ગંધારમાં અગરિયા કામદારોમાં મતદાન જાગૃતિ

ભરૂચ: આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને લઈને ભરૂચ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત તાલુકા વાગરાના ગંધાર ખાતે અગરિયા (મીઠા ઉદ્યોગ) કામદારો માટે વિશેષ જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લાના સ્વેપ નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના પ્રતિનિધિઓએ દરિયા કાંઠાના મીઠા ઉદ્યોગમાં કામ કરતા કામદારોને રૂબરૂ મળી તેમને મતાધિકારથી વંચિત ન રહેવા અનુરોધ કર્યો હતો. અગરિયા ભાઈઓ-બહેનોને 26મી એપ્રિલે યોજનાર મતદાનમાં અચૂક ભાગ લઈ લોકશાહીને મજબૂત બનાવવા અપીલ કરાઈ હતી.


Milano MULTIPLEX
બારડોલી
Bhooth Bangla
10:00am, 01:00pm, 03:00pm, 04:00pm, 07:00pm, 09:00pm, 10:00pm
Dhurandhar The Revenge
11:00am, 03:30pm, 08:00pm
Shree Baba Neeb Karori Maharaja - 12:00pm
Behrupiyo-Gujarati- 06:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333